Gujarati 2009
Tuberculosis (TB)
and its Diagnosis



## ગળફાનો નમૂનો

આપ આપના ફેફસાં કે ગળામાંથી જે કફ બહાર કાઢો છો તે ગળફો કહેવાય છે. જો આપને ફેફસાના ટીબીના લક્ષણો હોય તો આપના ગળફાના અનેક નમૂના લેવામાં આવશે અને લેબોરેટરીમાં મોકલવામાં આવશે. ત્યાર બાદ તેને ટીબીના જીવાણુંઓની તપાસ માટે માઇક્રોસ્કોપ હેઠળ જોવામાં આવશે.

જો માઇક્રોસ્કોપ હેઠળ જીવાણુંઓ દેખાય તો તે ગળફામાં ફેલાયેલો હકારાત્મક ટીબી કહેવાય છે અને જ્યારે આપ ખાંસી અથવા છીંક ખાઓ ત્યારે બીજાને ચેપ ફેલાવી શકો તેની શક્યતા વધી જાય છે.

જો માઇક્રોસ્કોપ હેઠળ જીવાણુંઓ ન દેખાય, પરંતુ અન્ય ટેસ્ટ દર્શાવે કે આપને સક્રિય ટીબી છે તો આ ગળફામાં ફેલાયેલો નકારાત્મક ટીબી કહેવાય છે. આનો અર્થ છે કે આપ બીજાને ચેપ ફેલાવી શકો તેની શક્યતા ઓછી છે.

## કલ્ચર ટેસ્ટ

જો આપે ગળફાનો ટેસ્ટ કરાવ્યો હોય, તો લેબોરેટરી એ જોવાનો પ્રયત્ન પણ કરશે કે ટીબીના જીવાણુંઓ ગળફા દ્વારા વિકસી શકે છે કે નહીં. આ કલ્ચર ટેસ્ટ કહેવાય છે.

જો એમ માનવામાં આવે કે આપને ફેફસાં અથવા ગળા સિવાય શરીરના અન્ય કોઇ ભાગમાં સક્રિય ટીબી છે તો શરીરના જે ભાગમાં ટીબી હોવાની શક્યતા હોય ત્યાંથી એક પેશીનો નાનો નમૂનો (જે બાયોપ્સી કહેવાય છે) લેવામાં આવે છે, અથવા સોયની મદદથી કોષનો નાનો જથ્થો અથવા પ્રવાહી લેવામાં આવે છે. ત્યાર બાદ નમૂના (કલ્ચર)માં ટીબીના જીવાણુંઓ વિકસી શકે છે કે નહીં તે જોવા માટે તેને લેબોરેટરીમાં મોકલવામાં આવે છે.

ટીબીના જીવાણુંઓ ધીમી ગતિએ પેદા થતાં તથા ગુણાતાં હોવાથી પરિણામ મળે તે પહેલાં કલ્ચર ટેસ્ટ માટે ૮ સપ્તાહ જેટલો સમય લાગી શકે છે. જો આપના ફેફસાં સિવાય શરીરના અન્ય કોઇ ભાગમાં ટીબી જણાયો હોય તો આપના ફેફસાંમાં પણ ટીબી નથી તેની તપાસ માટે આપને એક્સ-રેની સૂચના આપવામાં આવશે.

## ટીબી એલર્ટ વિશે

**ટીબી એલર્ટ** વિશ્વસ્તરે ટ્યુબરક્યુલોસિસ વિશે જાગરૂકતા ફેલાવનાર યુકે સ્થિત અનોખી ધર્માદા સંસ્થા છે. અમે યુકેમાં તથા વિકસતા દેશોમાં પ્રોજેક્ટ્સને સહાય કરીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે વધુ દર્દીઓ યોગ્ય માહિતી તથા સારવાર મેળવે. આપની સહાય વડે અમે વિશ્વસ્તરે ટ્યુબરક્યુલોસિસ પર હકારાત્મક અસર પાડી શકીશું અને વધુ જીવન બચાવી શકીશું.

આપના પરિવાર તથા મિત્રોનું ટીબીથી રક્ષણ કરો – આપની ટીબીની બધી દવાઓ લો

**યાદ રાખો** આપની સહાય તથા આપને સૂચન આપવા માટે સમગ્ર સારવાર દરમિયાન અહીં ટીબી નર્સ છે. જો આપને આપની સારવારને કારણે ઠીક ન લાગતું હોય અથવા આપ આપની દવાઓ વિશે નિશ્ચિત ન હો તો કૃપા કરીને આપની ટીબી નર્સનો સંપર્ક કરો.

આપની ટીબી નર્સ:

આપના હોસ્પિટલના ડોક્ટર:

સંપર્ક નં.:

ઈમેઇલ:

**TB Alert** એ એક એવી અદ્વિતીય ધર્માદા સંસ્થા છે કે જેનું કામ યુ.કે.માં ટી.બી. ના રોગ સામે જાગૃતિ લાવવાનું છે અને દર્દીઓને માહિતી પહોંચાડવાના એન. એચ. એસ.ના કાર્યને ટેકો આપવાનું છે. અમો વિકાસશીલ દેશોમાં યોજવામાં આવતી પરિયોજનાઓને ટેકો આપવાનું કામ કરીએ છીએ અને સાથે-સાથે એ બાબતે ખાતરી કરીએ છીએ કે દરેકે દરેક દર્દીઓને જરૂરી સારવાર બરોબર મળતી રહે . આપના અમૂલ્ય સહયોગથી આપણે ટી.બી. વિષે એક વિશ્વવ્યાપી સકારાત્મક અસર ઊભી કરી શકીએ કે જેથી કરીને અનેકની જીંદગી બચાવી શકાય.

**TB Alert**,
Community Base,
113 Queens Road,
Brighton BN1 3XG
ટેલીફોન: 01273 234030

વધુ માહિતી અથવા આ પુસ્તિકાની વધુ કોપી મંગાવવા માટે,
કૃપા કરીને 01273 234 770 પર (ઑફિસ સમય દરમિયાન) ફોન કરો.

ડોનેશન અથવા ટીબી એલર્ટને સ્વયંસેવા આપવા માટે
01273 234 784 પર (ઑફિસ સમય દરમિયાન) ફોન કરો.

અથવા અમારી વેબસાઈટ www.tbalert.org પર જાઓ.

આ પુસ્તિકામાં આપેલી ટેસ્ટ તથા ટ્યુબરક્યુલોસિસની સારવાર વિશેની માહિતીનો હેતુ વિષયની સામાન્ય સમજ આપવાનો છે. તેનો હેતુ આપના નર્સ/ડૉક્ટર અથવા અન્ય સ્વાસ્થ્યસંભાળ વ્યાવસાયિકના જ્ઞાન, નિપૂણતા તથા નિર્ણયની અવેજી માટે નથી. આ પુસ્તિકામાં આપેલી કોઇ પણ માહિતીનો હેતુ નિદાન અથવા સારવાર તરીકેના ઉપયોગ માટે નથી. નિદાન તથા સારવાર વિશેના પ્રશ્નો તથા વિચારો વિશે સ્વાસ્થ્યસંભાળ વ્યાવસાયિક ચર્ચા કરવી.

મૂળ વિકાસનું કામ નૉર્થ વેસ્ટ લંડન ટીબી નેટવર્ક દ્વારા કરવામાં આવેલ છે.

ઇંગ્લૅન્ડમાં રજીસ્ટર્ડ થયેલ છે. નંબર. 3606528 રજીસ્ટર્ડ ચેરિટી નંબર: 1071886 ડિઝાઇન: worksong, london 020 8352 8300

# ટ્યુબરક્યુલોસિસ (ટી બી) તથા તેનું નિદાન



## ટીબી શું છે ?

ટ્યુબરક્યુલોસિસ (ટીબી) એ બેક્ટેરિયાથી થતો ચેપ છે, જે મોટે ભાગે ફેફસાંમાં જોવા મળે છે પરંતુ તે શરીરના કોઇ પણ ભાગને અસર કરી શકે છે. આ સક્રિય ટીબી કહેવાય છે. સક્રિય ટીબી ઓછામાં ઓછા છ મહિના સુધી દવાઓ લઇને મટાડી શકાય છે. ફક્ત ફેફસાંનો અથવા ગળાનો ટીબી ચેપી હોઇ શકે છે અને મોટા ભાગના લોકો દવા ચાલુ કર્યાના બે સપ્તાહ સુધી ચેપી હોતાં નથી.
ટીબી અથવા ટીબીનો ચેપ છુપાં હોઇ શકે છે. તેનો અર્થ છે કે આપના શરીરમાં જીવાણુંઓ છે પરંતુ આપનું શરીર તેને નિયંત્રણમાં રાખે છે અને આપને માંદા પડતાં અટકાવે છે. છુપો ટીબી ધરાવતાં લોકોમાં કોઇ ચિહ્નો હોતાં નથી અને તેઓ બીજાંને ચેપ ફેલાવી શકતાં નથી

## ટીબી કેવી રીતે પકડાય છે ?

જ્યારે ફેફસાંનો કે ગળાનો ટીબી ધરાવનાર વ્યક્તિ ખાંસી કે છીંક ખાય છે ત્યારે જીવાણુંઓ નાનાં છાંટા રૂપે હવામાં ફેલાઇ શકે છે અને અન્ય લોકો તેમને શ્વાસમાં લે છે. ટીબીથી અસરગ્રસ્ત થનાર એ લોકો હોય છે જેઓ ટીબી ધરાવનાર વ્યક્તિ (સામાન્ય રીતે સાથીદાર અને એક જ ઘરમાં રહેતી અન્ય વ્યક્તિ, અથવા અસામાન્યરૂપે નજીકના સહકાર્યકર) સાથે ખૂબ સમય ગાળતાં હોય છે. થૂંકવાથી કે વસ્તુઓ વહેંચવાથી ટીબી ફેલાતો નથી.

## ટીબીના ચિહ્નો કયાં છે ?

ફેફસાંમાંના ટીબીના સૌથી સામાન્ય લક્ષણો છેઃ

- **ત્રણ સપ્તાહથી વધુ સમય સુધી થતી ખાંસી.** આની શરૂઆત સૂકી બળતરાવાળી ખાંસીથી થઇ શકે છે, જે કોઇ પ્રકારના છાતીના ચેપથી જુદી ન હોય તેમ બની શકે છે. ટ્યુબરક્યુલોસિસની ખાંસી સપ્તાહો અથવા મહિનાઓ સુધી લંબાય છે અને સમયાંતરે વધુ ખરાબ થાય છે.
- **કોઈ દેખીતા કારણ વિના વજન ઉતરવું.**
- **તાવ અને રાત્રે ખૂબ પરસેવો થવો.** રોગની સાથે આવતો તાવ ઘણીવાર રાત્રે જ આવે છે જેને કારણે દર્દીને ખૂબ પરસેવો થાય છે, જે એટલો તકલીફદાયક હોય છે કે મધ્યરાત્રિએ બધાં કપડાં બદલવાની જરૂર પડી શકે છે.
- **ક તથા માંદગીની સામાન્ય તથા વિચિત્ર લાગણી.**
- **ભૂખ ન લાગવી.**
  આ બધાં ચિહ્નો અન્ય સમસ્યાઓના ચિહ્નો પણ હોઇ શકે છે.

## મને ટીબી છે કે નહીં તે હું કઇ રીતે જાણી શકું ?

જો આપને આમાંના ત્રણ અથવા તેથી વધુ ચિહ્નો હોય, તો આપે આપના જીપીની મુલાકાત લેવી જોઇએ (જો કે એમાંનું કોઇ પણ ચિહ્ન અન્ય પરિસ્થિતિને કારણે હોઇ શકે છે જેની તપાસ જીપી પાસે કરવી જોઇએ). જો તેમને ટીબીની શક્યતા લાગશે તો તેઓ આપને છાતી માટેના અથવા ટીબીના સ્થાનિક ક્લિનિકની મુલાકાત લેવાનું સૂચન કરશે, જ્યાં ટેસ્ટ્સ કરવામાં આવશે.

જો આપ ટીબીનો ચેપ લાગેલી કોઇ વ્યક્તિને ઓળખતાં હો તો ડોક્ટરે તેમને તેઓ કોની સાથે વધુ સમય ગાળે છે તે વિશે પૂછ્યું હશે. સ્વાસ્થ્ય સેવાઓએ ત્યાર બાદ ચેપ લાગવાનું જોખમ ધરાવતી દરેક વ્યક્તિનો સંપર્ક કરશે અને તેમને ટેસ્ટ્સ માટે બોલાવશે.

**વિવિધ ટેસ્ટ્સઃ**

## ત્વચા ટેસ્ટ (મેન્ટોક્સ)

ત્વચાનો ટેસ્ટ દર્શાવે છે કે આપના શરીરે ટીબીના જીવાણુંઓનો ક્યારેય સામનો કર્યો છે કે નહીં. આપે બીસીજી રસી (જેમાં જીવાણુંઓ સુરક્ષિત રૂપે હોય છે) લઇને, અથવા શ્વાસ દ્વારા ટીબીના જીવાણુંઓનો સામનો કર્યો હોઇ શકે છે. આ મૅન્ટોક્સ ટેસ્ટ કહેવાય છે અને તેમાં ટ્યુબરક્યુલિન નામના પ્રવાહીની નાની માત્રા સોય તથા સિરીંજ વડે આપની ત્વચાના સૌથી ઉપરના સ્તરમાં સીધી આપવામાં આવે છે. આ થોડું ખૂંચે તેવું હોય છે પરંતુ તે લાંબા સમય સુધી પીડા નથી આપતું. ટેસ્ટ લીધેલ જગ્યા ૨-૩ દિવસ પછી તપાસવામાં આવે છે.

જો ટેસ્ટ હકારાત્મક હશે તો લાલ ચકામા જેવું દેખાશે. આપે આ જગ્યાને પ્લાસ્ટર વડે ઢાંકવી ન જોઇએ, તે ખંજવાળવી કે ઘસવી ન જોઇએ, અથવા તેના પર કોઇ પ્રકારના તેલ, ક્રીમ કે પ્રસાધનો લગાડવા ન જોઇએ. આપ તેને સામાન્ય રીતે સાબુ તથા પાણીથી ધોઇ શકો છો. કદ તથા લાલાશની જુદી જુદી શ્રેણી હોય છે. ક્લિનિકમાંના ડોક્ટર અથવા નર્સ ટેસ્ટનું પરીક્ષણ કરશે અને આપને પરિણામ સમજાવશે.

## હકારાત્મક ત્વચા ટેસ્ટનો અર્થ શું છે ?

હકારાત્મક ત્વચા ટેસ્ટના અનેક અર્થ હોઇ શકે છેઃ
આપે બીસીજીની રસી લીધેલી છે. જો આપે રસી લીધી હોય, તો થોડું રિએક્શન આવી શકે છે જે સામાન્ય છે.
આપને છુપો ટીબી હોઇ શકે છે. છુપો ચેપ નિશ્ચિત કરવા માટે આપને બ્લડ ટેસ્ટ કરાવવાનું સૂચન થઇ શકે છે.
આપને સક્રિય ટીબી હોઇ શકે છે અને વધુ ટેસ્ટ્સ માટે આપે ડોક્ટર પાસે તપાસ કરાવવી જોઇશે.

## નકારાત્મક ત્વચા ટેસ્ટનો અર્થ શું છે ?

આનો અર્થ છે કે આપે પહેલાં ટીબીના જીવાણુંઓનો સામનો કર્યો નથી. પરંતુ તેનો અર્થ એ પણ હોઇ શકે છે કે આપનો ટેસ્ટ બહુ વહેલો કરવામાં આવ્યો છે અથવા તો આપનું શરીર ટેસ્ટને પ્રતિભાવ આપવા માટે અક્ષમ છે.

૬ સપ્તાહની અંદર ફરીથી ટેસ્ટ કરાવવાની જરૂર પડી શકે છે. ટેસ્ટના નકારાત્મક પરિણામનો અર્થ હંમેશાં એવો નથી થતો કે આપને ટીબી નથી.

જો આપને ટીબી ન હોય પરંતુ જે સ્થળે આપ રહો છો અથવા કામ કરો છો તેના કારણે અન્ય લોકો કરતાં આપને ટીબી થવાનું જોખમ વધુ હોય તો આપને બીસીજીની રસી આપવામાં આવશે. જો આપ ચેપમુક્તતા-સમાધાનકારી હો (એચઆઇવી અથવા ટ્રાન્સપ્લાન્ટના દર્દીની જેમ), તો આપને બીસીજી આપવામાં નહીં આવે, કારણ કે આવા કિસ્સાઓમાં સક્રિય રસીનું જોખમ ખૂબ વધુ હોય છે.

## બ્લડ ટેસ્ટ

ટીબી માટે વિશેષ બ્લડ ટેસ્ટ હોય છે. જો આપનો ત્વચા ટેસ્ટ હકારાત્મક હોય અને આપ ચેપી ટીબી ધરાવતી વ્યક્તિના સંપર્કમાં હો (પરંતુ આપને તેના કોઇ લક્ષણો ન હોય), તો આપને છુપો ટીબી છે કે નહીં તે જાણવા માટે આ ટેસ્ટ કરાવવાનું સૂચન આપવામાં આવી શકે છે. જો બ્લડ ટેસ્ટનું પરિણામ હકારાત્મક હોય તો આપને સક્રિય ટીબી નથી તેની તપાસ માટે આપને વધુ ટેસ્ટ કરાવવાનું સૂચન કરવામાં આવશે.

૩૫ વર્ષથી ઓછી વયના છુપો ટીબી ધરાવતાં લોકોને ત્રણથી છ મહિનાની એક સારવારનો કોર્સ કરવાનું સૂચન અપાશે. ૩૫ વર્ષથી વધુ વયના અને એચઆઇવીનો ચેપ ન ધરાવતા લોકોને સારવાર આપવામાં નહીં આવે કારણ કે ટીબી-વિરોધી દવાઓના કારણે લીવરને નુકશાન થવાનો ભય વધુ હોય છે. એચઆઇવીનો ચેપ ધરાવતા લોકોને, તેમની વય ગમે તે હોય છતાં, હંમેશાં સારવાર આપવામાં આવે છે કારણ કે છુપો ટીબી એચઆઇવી રોગને વધુ સરળતાથી સક્રિય કરીને તેને વેગીલો બનાવી શકે છે.

## છાતીનો એક્સ-રે

જો આપને ટીબીના લક્ષણો હોય તો આપને છાતીના એક્સ-રે માટે મોકલવામાં આવશે. આ ડોક્ટરને દર્શાવશે કે આપના ફેફસામાં અત્યાર સુધી અથવા હાલમાં ટીબી છે કે નહીં.